
સપ્ટેમ્બર ૨૦૧૨ ✣ વર્ષઃ૨૬ ✣ અંકઃ૯ ✣ સળંગ અંકઃ૨૯૭
✣ વિક્રમ સંવત :૨૦૬૮ ✣ વીર સંવત :૨૫૩૮ ✣ કહાન સંવત :૩૨

જૈન ધર્મનો મર્મ સમજાવતુ - પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સદ્‌ઉપદેશનો પ્રચાર-પ્રસાર કરતુ આધ્યાત્મિક માસિકપત્ર

# ગુરુ પ્રસાદ

છૂટક નકલ : રૂ.૫/- ✣ આજીવન લવાજમ : રૂ. ૨૦૧/- ✣ વાર્ષિક લવાજમ : રૂ. ૨૫/- ✣ પાનાઃ ૩૨+૪=૩૬

વિશેષાંક - દ્રષ્ટિનો વિષય



**ગુરુપ્રસાદ (માસિક)**

માલિક અને પ્રકાશક : **પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
173/175 મુમ્બાદેવી રોડ, મુંબઈ - 2
ફોન નં. 23425241
દેવલાલીઃ ફોન નં. 0253-2491044 / 45

તંત્રી : **કાંતીલાલ રામજીભાઈ મોટાણી**

સંપાદક : **ભરત વૃજલાલ શાહ**

ટાઈપ સેટીંગ : **સમીર પારેખ - ક્રિએટીવ પેજ સેટર્સ,**
'પારસ' ડી-૧૨/૯૧, ચિત્તરંજન નગર,
આર.એન.ગાંધી માર્ગ, વિદ્યાવિહાર (ઈ)
મુંબઈ-77 ☎ 26760142 **M.** 9869008907

મુદ્રક : **નિલેશ પારેખ - પારસ પ્રિન્ટ્સ,**
ગાલા નં. 32, સિંઘ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ નં. ૩,
૧લે માળે, મુવી સ્ટાર ટૉકિઝની બાજુમાં,
રામ મંદિર રોડ, ગોરેગામ (વે),મું-400 104
☎ 2677 9549 **M.** 98210 15079

## -: મંથન :-

વીત્યો કાળ અનંત તે,
કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં,
ઊપજે મોક્ષ સ્વભાવ.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

● **આજીવન લવાજમ : રૂા. ૨૦૦/-** ● **છૂટક નકલ : રૂા. ૫/-**

● **ખાસ નોંધ :-** ડ્રાફ્ટ અથવા ચેક પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટના નામનો **મુંબઈ**નાં સરનામે મોકલવા વિનંતી.

**Head Office :**
**173/175 Mumbadevi Road,**
**Mumbai - 400 002 (INDIA)**
**Tel.: 23425241 / 23446099**

**Devlali :**
**Pujya Shree Kanji Swami Smarak Trust**
**Kahan Nagar, Lam Road, Devlali 422401**
**Tel. : (0253) 2491044 / 45**

**E-mail :** **1987guruprasad@gmail.com / creativesamir@gmail.com**
**guruprasad.devlali@gmail.com / bharatshah503@gmail.com**

કહાનનગર, દેવલાલીના કાર્યક્રમોનું લાઈવ ટેલીકાસ્ટ કોમ્પ્યુટર પર **dilink guruprasad.devlali**

## -: દ્રષ્ટિનો વિષય :-

જો કે દેહમાં સ્થિત-અને દેહથી ભિન્ન આત્મદ્રવ્ય પર્યાયાર્થિક નયથી ઉત્પાદ-વ્યય સહિત છે; તો પણ દ્રવ્યાર્થિક નયથી ઉત્પાદ-વ્યય રહિત છે.

શુદ્ધ નિશ્ચય નયથી ભગવાન આત્મા જન્મ-મરણ બંધ અને મોક્ષને નથી કરતો. એ તો જેવો છે તેવો જ છે. પરમભાવ ગ્રાહક શુદ્ધ નિશ્ચય નયથી વિચારવામાં આવે તો આ જીવ નથી ઉત્પન્ન થતો, કે નથી મરતો અને નથી બંધ-મોક્ષને કરતો. એ તો બંધ-મોક્ષથી રહિત છે.

જો કે જીવ શુદ્ધાત્માનુભૂતિના અભાવને કારણે શુભાશુભ ઉપયોગથી પરિણમન કરીને જીવન-મરણ અને શુભાશુભ કર્મબંધ કરે છે તો પણ શુદ્ધપારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ન બંધનો કતાર છે અને ન મોક્ષનો કર્તા છે.

આ પ્રમાણે દ્રવ્યાર્થિક નયનો વિષયભૂત જીવન-મરણ અને બંધ-મોક્ષાદિથી રહિત સામાન્ય, અખંડ, નિત્ય અને અભેદ (એક) શુદ્ધાત્માની સત્ શ્રદ્ધા, દ્રવ્યાર્થિક નયના વિષયભૂત વસ્તુનું જ્ઞાન અને તેનું જ નિર્વિકલ્પ ધ્યાન જ દ્રવ્યદૃષ્ટિ છે. આ દૃષ્ટિનો વિષય છે.

**- પૂજ્ય ગુરુદેવશ્રી**

## દેવલાલીમાં **પૂજ્ય બહેનશ્રીની ૯૯મી જન્મ જયંતી નિમિત્તે સાનંદ સંપન્ન**

દેવલાલીમાં પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ દ્વારા કહાનનગર ખાતે તા. 1-8-2012 થી તા. 3-8-2012 સુધી ત્રણ દિવસ સોલહ કારણ વિધાન, સાંજના બંને બેનોનાં સ્મૃતિ સંગ્રહાલયમાં ભક્તિ તેમજ પં. શ્રી બાબુભાઈ મહેતા તથા પં. શ્રી હેમચંદજી 'હેમ'નાં પ્રવચનો તથા પરમ ઉપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અલૌકીક સી.ડી. પ્રવચનો તેમજ બહેનશ્રીનાં વચનામૃત ઉપર વિશેષ પ્રવચનો દ્વારા ભક્તિભાવથી આયોજન થયું.

આમ ત્રણ દિવસનો જન્મ જયંતી મહોત્સવ ઉત્સાહથી ઉજવાયો.

## મહોત્સવો આરક્ષિત કરવા બાબત

ઈસ્વીસન 2014નાં વર્ષ માટે જન્મ જયંતી મહોત્સવ, દિપાવલી નિર્વાણોત્સવ તથા ડિસેમ્બર વિધાન આરક્ષિત થઈ ગયા છે.

**ઈસ. ૨૦૧૩નાં બાકી છે.** આ સબંધમાં કોઈની ભાવના હોય તો અમારો સંપર્ક કરવા વિનંતી.

**- પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, ટ્રસ્ટીગણ**

## -: દ્રષ્ટિનાં નિધાન :-

પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો. કળ એટલે પોતાનો જે સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવું તે. પોતે જ પોતાને પકડી શકે, બીજો કોણ પકડાવે?

અનેક જાતની વિભાવપર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો. શાસ્ત્રમાં આવે છે ને કે-પ્રજ્ઞાછીણી વડે પોતે પોતાને પરથી ને રાગાદિ વિભાવથી જુદો પાડે. પોતે સૂક્ષ્મ દ્દષ્ટિ કરે, પોતે પોતાને જુએ, ધીરે થઈ પોતે પોતા પરિણતિને પોતા તરફ દોડાવે. એવું કોઈ જ્ઞાન ને વિરક્તિ પ્રગટ થાય કે જેથી પોતે પોતાને ગ્રહણ કરે. એવી જાતની દ્દષ્ટિ, એવી જાતનું જ્ઞાન અને એવી જાતની વિરક્તિ પ્રગટ કરે કે જેથી પરિણતિનો વેગ પોતા તરફ વળીને પોતે પોતાને ગ્રહણ કરે. કળ પોતે જ પોતાને અંદરથી સુઝાડી શકે એમ છે.

ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી અંદર જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થાય છે.

**- પૂજ્ય બહેનશ્રી**

Published on 1st September 2012

GURU PRASAD (Gujarati - Monthly) ❅ Registered with the Registrar of India R. No. 46541/87
Posted At Deolali Post Office, Pin 422 401. ❅ Posted On 25th of Every Month of next Month issue.
P.O. REG. NO. NSK/233/2012-14

# દ્રષ્ટિનો વિષય

વસ્તુ ત્રિકાળી છે, તેના આશ્રયે નિર્મળ પર્યાય થાય છે; પર્યાયના આશ્રયે પર્યાય નિર્મળ થતી નથી. ગુરુનાં વચન પ્રત્યે લક્ષ જાય છે. ત્યાં સુધી નિમિત્ત, શાસ્ત્ર, ગુરુ અને જ્ઞાન-બધું વિનાશી; પણ ધ્રુવ તરફ દ્રષ્ટિ કરે તો જ્ઞાન અવિનાશી થાય છે. અનુભવ અને સમ્યગ્દર્શન અવસ્થા છે. તેને અને આત્માને ત્રિકાળી સંબંધ નથી, કેમ કે અવસ્થા બદલી જાય છે. દર્શન નિમિત્તનો સ્વીકાર કરતું નથી. પરંતુ બાદમાં ઉપચારથી નિમિત્ત કહેવાય છે. જ્ઞાન નિમિત્તને જાણે છે. દર્શનના કાળે નિમિત્ત નથી, પાછળથી નિમિત્ત કહેવાયું, નિમિત્તને રાગ વડે જાણે છે ત્યાં સુધી જ્ઞાન વિનાશી-અનિત્ય છે, તે અવિનાશીને લાભ કરતું નથી. તે તો પૂર્વનો ઉઘાડ છે, પોતે જ જ્યારે સ્વયંની તરફ ઢળીને નિર્ણય કર્યો ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. જે સમયે અવિનાશી જ્ઞાન થાય છે તે સમયે નિમિત્તનો પ્રશ્ન જ રહેતો નથી. જ્ઞાન સામાન્ય તરફ ઢળી ગયું કે તરત સંસાર છૂટી ગયો. સંસાર છૂટવાનું કારણ દ્રવ્ય પોતે જ છે. જ્ઞાન થયા બાદ નિમિત્ત કહેવામાં આવે છે. ધ્રુવ શક્તિ સાધ્ય છે, મોક્ષ સાધ્ય નથી. મોક્ષ પ્રગટ થાય છે. પ્રગટ-અપ્રગટ પર્યાયમાં થાય છે, ધ્રુવ નિત્ય પ્રગટ જ છે, પ્રગટ-અપ્રગટનો સવાલ વસ્તુમાં છે જ નહિ, વસ્તુ સાધ્ય, નિર્ણય (વ્યવહાર) સાધન. ધ્રુવ લક્ષમાં આવવાથી નિર્મળ અવસ્થા સહજ પ્રગટે છે. પુરુષાર્થ કરવો પડતો નથી, પુરુષાર્થ સહજ જાય છે. પર્યાયનો આશ્રય શું! આશ્રય તો સ્વભાવનો જ. ધ્રુવ અને મોક્ષ-બંનેને સાધ્ય માનતાં તો બે ભંગ પડી જાય. દર્શનનો વિષય ભંગ નથી. સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન પ્રગટે તે નિશ્ચયથી આદરણીય નથી. સાધ્ય-સાધનનો ભેદ નિશ્ચયમાં છે જ નહિ. ભેદ ઉપર જોર જાય તો અભેદ ઉપર જોર આવતું નથી.

*(ગુજરાતી આત્મધર્મ અંક ૧૦-૧૧)*

પત્ર વ્યવહાર : 'ગુરુપ્રસાદ' કાર્યાલય, 173/175 મુમ્બાદેવી રોડ, મુંબઈ - 400 002 ટેલી. નં. 23425241 / 23446099

E-mail: 1) 1987guruprasad@gmail.com 2) guruprasad.devlali@gmail.com 3) creativesamir@gmail.com

From:-
**GURUPRASAD**
Pujya Shri Kanji Swami Smarak Trust
Lam Road, Belatgavhan Rly. Crossing,
DEVLALI - 422 401
Ph. 0253-2491044 / 45

PRINTED MATTER
P.O. Reg.No. NSK/233/20012-14